For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શુક્રવારનો 'સુપર ફ્રાઈડે': પાર્લામેન્ટરી બોર્ડની બેઠક એક દિવસ લંબાવાઈ

# વડોદરા ભાજપમાં ટિકિટનું સસ્પેન્સ

## ફોર્મ ભરવાના બે દિવસ બાકી છતાં યાદીના ઠેકાણા નથી

**અનેક** દિગ્ગજોના 'ટેલિફોનિક' ટિકિટ કન્ફર્મેશનથી ધબકારા વધ્યા

**શુક્રવારે** બેઠક પૂર્ણ થયા બાદ વડોદરા મનપાની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે, ત્યારે વડોદરા મહાનગરપાલિકામાં ભાજપ કોને મેદાનમાં ઉતારશે તેને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ફોર્મ ભરવાના હવે માત્ર 2 દિવસ જ બાકી છે, છતાં સત્તાવાર યાદી જાહેર ન થતા દાવેદારોના જીવ અધ્ધર થયા છે. જોકે, આંતરિક વર્તુળો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરામાં ભાજપ આ વખતે મોટો ઉલટફેર કરવાની તૈયારીમાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરાની 76 બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. સત્તાવાર જાહેરાત પહેલા જ કેટલાક સંભવિત ઉમેદવારોને પક્ષના મોવડી મંડળ દ્વારા ફોન કરીને ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવા સૂચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. વડોદરામાં આ વખતે 'નો-રિપીટ' થીયરીનો વ્યાપ વધારી શકાય છે. ગત ટર્મના 69 કોર્પોરેટરોમાંથી માત્ર 20% જેટલા સભ્યોને જ ફરી તક મળે તેવી પ્રબળ શક્યતા છે, જ્યારે બાકીની બેઠકો પર નવા અને યુવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ચાલી રહેલું મંથન હજુ શુક્રવાર, 10 એપ્રિલ સુધી ચાલશે. વડોદરા સહિતના અન્ય મહાનગરોમાં પેચ ફસાયેલા હોવાથી અંતિમ યાદી જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. શુક્રવારે બેઠક પૂર્ણ થયા બાદ વડોદરા મનપાની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવશે.

### વડોદરા મનપાની ચૂંટણી પહેલા ભાજપનો સૌથી મોટો નિર્ણય

# લોકલ વોર્ડ, લોકલ ઉમેદવાર

**કાર્યકરોમાં** ભારે ઉત્સાહ: ચૂંટણી સમિતિના નિર્ણયથી હવે 'પેરાશૂટ લેન્ડિંગ' બંધ થશે, પાયાના કાર્યકરોને મળશે પ્રાધાન્ય




(પ્રતિનિધિ) વડોદરા તા.9

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભારતીય જનતા પાર્ટીએ એક અત્યંત મહત્વપૂર્ણ અને સંગઠનાત્મક નિર્ણય લીધો છે. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં કાર્યકરોની લાંબા સમયની માંગણીને ધ્યાને રાખીને પક્ષની ચૂંટણી સમિતિએ નક્કી કર્યું છે કે, હવે જે-તે વોર્ડની ટિકિટ તે જ વોર્ડના રહેવાસી અને મતદાર હોય તેવા કાર્યકરને આપવામાં આવશે. આ નિર્ણયને કારણે વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીમાં 'આયાતી' ઉમેદવારોનો દબદબો ખતમ થશે અને સ્થાનિક સ્તરે સક્રિય કાર્યકરો માટે લોકસેવાની નવી તકો ઊભી થશે.

પક્ષ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય મુજબ, જે કાર્યકર જે વોર્ડમાં મતદાર તરીકે નોંધાયેલ હશે, તેને માત્ર તે જ વોર્ડમાંથી ઉમેદવારી કરવાની તક મળશે. અગાઉના વર્ષોમાં જોવા મળ્યું હતું કે એક વોર્ડનો રહેવાસી બીજા વોર્ડમાં જઈને ચૂંટણી લડતો હતો, જેના કારણે સ્થાનિક સ્તરે કાર્યકરોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી જોવા મળતી હતી. વડોદરામાં પણ ભૂતકાળમાં આયાતી ઉમેદવારો સામે પક્ષના જ આંતરિક જૂથો દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ સંભવિત વિરોધને ખાળવા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે ભાજપે આ વ્યૂહાત્મક નિર્ણય લીધો છે.

ભાજપના આ નિર્ણયથી સ્થાનિક કાર્યકરોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક ઉમેદવાર હોવાથી તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને જનતાની પાયાની સમસ્યાઓથી વધુ સારી રીતે વાકેફ હોય છે, જેનો સીધો લાભ પક્ષને મતદાન સમયે મળી શકે છે. વડોદરામાં વોર્ડ સ્તરના નેતાઓએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું છે કે, આનાથી પાયાના કાર્યકરોની મહેનતની કદર થશે અને ચૂંટણીમાં પેરાશૂટ લેન્ડિંગ કરતા નેતાઓ પર રોક લાગશે.

વડોદરા ભાજપના રાજકારણમાં આ નિર્ણય એક નિર્ણાયક વળાંક સાબિત થશે. "વોર્ડની ટિકિટ વોર્ડમાં જ" આપવાના નિર્ણયથી હવે વડોદરાના મતદારોને પણ પોતાના જ વિસ્તારના પરિચિત ચહેરાને મત આપવાની તક મળશે. આયાતી ઉમેદવારોને કારણે પેદા થતો આંતરિક જૂથવાદ અને નારાજગી હવે ભૂતકાળ બની જશે. ભાજપના આ કડક વલણથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે હવે સત્તાના સમીકરણોમાં 'સ્થાનિક વગ' કરતા 'સ્થાનિક હાજરી' અને 'મતદાર તરીકેની નોંધણી' સૌથી વધુ મહત્વના પરિબળો બની રહેશે.



### જાહેર થયેલા આપના ઉમેદવારો અને અપક્ષોએ ફોર્મ ભર્યા

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર કાર્યક્રમની જાહેરાત થતાની સાથે જ વડોદરાનું રાજકીય તાપમાન એકાએક વધી ગયું છે. ગુરુવારથી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી પત્રકો ભરવાની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે, જેના કારણે વહીવટી તંત્ર પણ એક્શન મોડમાં આવી ગયું છે. આજથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતા જ કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારો અને તેમના સમર્થકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ખાસ કરીને વોર્ડ નં. 13, 14, 15 તેમજ વોર્ડ નં. 16 થી 19 ના ઉમેદવારો માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે આપ પાર્ટીના ઉમેદવાર અને અપક્ષોએ ફોર્મ ભર્યા હતા.

### પોર બેઠક પર સોશિયલ મીડિયા સ્ટાર અંકિતા પરમારને ટિકિટ અપાઈ

# વડોદરા જિ.પંચાયતની ચૂંટણી ભાજપના 'મુરતિયા' જાહેર

**અનેક** બેઠકો પર જૂના જોગીઓ કપાયા, નવા ચહેરાઓને સ્થાન મળતા પક્ષમાં આંતરિક વિરોધના વંટોળની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને લઈને વડોદરા જિલ્લા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. લાંબા સમયની રાહ જોયા બાદ આખરે ભારતીય જનતા પાર્ટીએ વડોદરા જિલ્લા પંચાયતની બેઠકો માટે પોતાના ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ યાદીમાં પક્ષે ક્યાંક અનુભવને પ્રાધાન્ય આપ્યું છે, તો ક્યાંક સોશિયલ મીડિયાના જોરે યુવા ચહેરાઓને મેદાનમાં ઉતારીને સૌને ચોંકાવી દીધા છે.

ભાજપની આ યાદીમાં સૌથી વધુ ચર્ચિત નામ અંકિતા પરમારનું છે. જાણીતા સોશિયલ મીડિયા સ્ટાર તરીકે લોકપ્રિયતા મેળવનાર અંકિતા પરમારને ભાજપે પોર બેઠક પરથી પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. યુવા મતદારોને આકર્ષવા માટે ભાજપનો આ માસ્ટરસ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે, પરંતુ સ્થાનિક સ્તરે આ નિર્ણયને લઈને મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલા નામોમાં કેટલાક પીઢ કાર્યકરોની બાદબાકી કરવામાં આવી છે, જેને કારણે સંગઠનમાં આંતરિક અસંતોષ ઊભો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા જિલ્લાની અમુક ચોક્કસ બેઠકો પર પસંદ કરાયેલા ઉમેદવારો સામે સ્થાનિક કાર્યકરોમાં ભારે રોષ છે. પેરાશૂટ ઉમેદવારો અને સોશિયલ મીડિયાના જોરે ટિકિટ મેળવનારાઓ સામે પાયાના કાર્યકરો આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શિત કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. જિલ્લા પંચાયત કબજે કરવા માટે ભાજપે આ વખતે જ્ઞાતિગત સમીકરણોને ખાસ ધ્યાનમાં રાખ્યા છે. ઓબીસી, ક્ષત્રિય અને પાટીદાર મતોનું પ્રભુત્વ ધરાવતી બેઠકો પર જે-તે જ્ઞાતિના મજબૂત ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જોકે, આ યાદી જાહેર થયા બાદ હવે બળવાની સ્થિતિ ઉભી ન થાય તે જોવું ભાજપના મોવડી મંડળ માટે મોટો પડકાર સાબિત થશે. ભાજપે પોતાના પત્તા ખોલી દીધા છે ત્યારે હવે કોંગ્રેસ અને અન્ય પક્ષો કયા પ્રકારના ઉમેદવારો મેદાનમાં ઉતારે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. ટિકટોક સ્ટારની એન્ટ્રી અને સંભવિત આંતરિક વિરોધ વચ્ચે વડોદરા જિલ્લા પંચાયતનું જંગ જામશે તે નક્કી છે.

### વડોદરા જિલ્લા પંચાયતના જાહેર થયેલા ઉમેદવારનું લિસ્ટ

| | | |
|---|---|---|
| 1) | અનગઢ | બિરેનભાઇ રોહિતભાઇ પટેલ |
| 2) | ભાદરવા | આકાશસિંહ વિનેશસિંહ પરમાર |
| 3) | ચાંદોદ | લત્તાબેન રાકેશભાઇ અંબાલીયા |
| 4) | ચોકારી | મુકેશભાઈ ગણપતસંગ જાદવ |
| 5) | ચોરંદા | જ્યોત્સનાબેન વસંતભાઇ રબારી |
| 6) | ડભાસા | હિતેશભાઇ ઠાકોરભાઇ શર્મા |
| 7) | દશરથ | સુરેશભાઇ બાબરભાઇ વસાવા |
| 8) | ડેસર | મનિષાબેન દલપતસિંહ પરમાર |
| 9) | ધનતેજ | નેહાબેન કીરીટભાઈ બારોટ |
| 10) | ગણપતપુરા | ભૂમિકાબેન ભાવિકકુમાર સોલંકી |
| 11) | ગોરજ | જ્યોત્સનાબેન દિલીપભાઇ બારીયા |
| 12) | ગોઠડા | ગોપાલભાઇ ચંદુભાઇ ચૌહાણ |
| 13) | ગુતાલ | વિશાલકુમાર ભીખાભાઇ વસાવા |
| 14) | જરોદ | નવીનભાઇ ડાહ્યાભાઇ વસાવા |
| 15) | કંડારી | રાજેન્દ્રભાઇ મથુરભાઇ પાટણવાડીયા |
| 16) | કાયાવરોહણ | રાકેશભાઇ ભીખાભાઇ ઠાકોર |
| 17) | મીયાગામ | નરેન્દ્રસિંહ અમરસંગ ડાભીયા |
| 18) | મોભા | રવિરાજ આનંદભાઇ પરમાર |
| 19) | મુજપુર | ઉર્મિલાબા પુષ્પરાજસિંહ ઠાકોર |
| 20) | પીલોલ | નિલમબેન મહેશભાઇ રાઠોડીયા |
| 21) | પોર | અંકિતાબેન રોનકભાઇ પરમાર |
| 22) | રણોલી | કૈરવીબા ગીરીરાજસિંહ વાઘેલા |
| 23) | સાધલી | વિભાબેન હરીકૃષ્ણ પટેલ |
| 24) | સયાજીપુરા | કમલેશભાઇ ભાઇલાલભાઇ પટેલ |
| 25) | શેરખી | હર્ષાબેન હિતેન્દ્રસિંહ પરમાર |
| 26) | શિહોરા | મહેન્દ્રસિંહ ડાહ્યાભાઇ સોલંકી |
| 27) | સિમળીયા | હર્ષિલભાઇ અશ્વિનભાઇ પટેલ |
| 28) | સિનોર | રોહિતકુમાર રમેશભાઇ પટેલ |
| 29) | સોખડા | હેમાબેન કિરણભાઇ રાઠોડ |
| 30) | થુવાવી | ભાવેશભાઇ સતિષભાઇ પટેલ |
| 31) | વડુ | પુષ્પાબેન સુરસિંહ પઢીયા |
| 32) | વલણ | હેતલબેન રાજેશભાઇ વસાવા |
| 33) | વાંકાનેર | અરૂણાબેન અર્જુનસિંહ પરમાર |
| 34) | વ્યારા | જશોદાબેન ફુલજીભાઇ રાઠોડીયા |

# ધો-10 પછી સર્ટિફિકેટ કોર્સ કરનારા વિદ્યાર્થીઓ માટે 17મીથી રજિસ્ટ્રેશન

**11મીએ** પ્રોવિઝનલ મેરિટ બાદ 24 મે વચ્ચે મોક રાઉન્ડ અને 22 મેએ ફાઈનલ પ્રવેશ ફાળવણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ધો-10 પછી આઈટીઆઈ કે અન્ય બે વર્ષના કોર્સ કરનારા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા અંતર્ગત સીધા ડિપ્લોમા ઈજનેરીમાં બીજા વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. આગામી 17મીથી 30મી એપ્રિલ સુધી આ પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાશે. પ્રવેશ રાઉન્ડમાં પ્રવેશની ફાળવણી 22 મી મેના રોજ કરાશે. ડિપ્લોમાની 10 ટકા અને અગાઉ ખાલી પડેલી બેઠકો મળીને હાલમાં અંદાજે 35 હજારથી વધુ બેઠકો ઉપલબ્ધ છે.

ધો-10 પછી ડાયરેક્ટ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશની સાથે સાથે કેટલાક વિદ્યાર્થીઓ ધો-10 પછી ડિપ્લોમા કરવાના બદલે આઈટીઆઈમાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓ ટેકનિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ચલાવવામાં આવતાં સર્ટિફિકેટ કોર્સમાં પણ પ્રવેશ મેળવતા હોય છે. આ કોર્સ કર્યા પછી સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા પ્રક્રિયામાં અંતર્ગત સીધા ડિપ્લોમા ઈજનેરીમાં બીજા વર્ષમાં પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ સમિતિ દ્વારા 17મી એપ્રિલથી રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ સાથે જ પ્રવેશનો કાર્યક્રમ પણ જાહેર કરવામાં આવ્યો છે. સૂત્રો કહે છે કે, નિયમ પ્રમાણે ડિપ્લોમા ઈજનેરીમાં જે તે કોલેજમાં બેઠકો ઉપલબ્ધ હોય તેની 10 ટકા બેઠકો સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા પ્રવેશ કાર્યવાહી માટે ફાળવવામાં આવતી હોય છે. જોકે, કોલેજ સંચાલકો દ્વારા બેઠકોના મુદ્દે કોર્ટમાં રિટ કરવામાં આવ્યા બાદ ડિપ્લોમા ઈજનેરીમાં ખાલી પડેલી બેઠકો પણ સર્ટિફિકેટ ટુ ડિપ્લોમાને ફાળવાતી હોય છે. આમ, હાલમાં અંદાજે 35 હજારથી વધુ બેઠકો ઉપલબ્ધ છે. કેટલી બેઠકો ચાલુ વર્ષે સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા ઈજનેરીમાં મળશે તેનો આંકડો આગામી દિવસોમાં સીટમેટ્રિક્સમાં જાહેર કરાશે.

# મતદાન પૂર્ણ થવાના 48 કલાક પૂર્વેથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વડોદરા જિલ્લાની ચાર નગરપાલિકાઓ, આઠ તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ ચૂંટણીઓનું મતદાન આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ (સવારના ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી) યોજાનાર છે, જ્યારે મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે. આ ચૂંટણી પ્રક્રિયાને અનુલક્ષીને સમગ્ર વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં મૂકવામાં આવી છે. ચૂંટણીઓ નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એસ. પટેલે કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. મતદાન પૂર્ણ થાય તે પહેલા ૪૮ કલાક સુધી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે. પ્રચાર પૂર્ણ થયા પછી બાહ્ય કાર્યકરોને મતવિસ્તારમાં રહેવાની મનાઈ રહેશે. આ આદેશનો ભંગ કરનારને કલમ ૨૨૩ હેઠળ સજા થશે.

### હુજરાત પાગા પાસે દુકાનમાં ગળેફાંસો ખાઈ જીવંત ટૂંકાવ્યું

# વ્યાજખોરના ત્રાસથી કંટાળીને કાર એસેસરીઝના વેપારીનો આપઘાત

**મૂડી** અને વ્યાજ ચૂકવ્યું છતાં વ્યાજખોરો પઠાણી ઉઘરાણી કરતાં હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના કારેલીબાગ પોલીસ સ્ટેશન નજીક હુજરાત પાગા સામે આવેલી કાર એસેસરીઝના વેપારી દુકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી વિસ્તારમાં ચકચાર મચી છે. પરિવારજનોએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. જ્યારે પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.



વડોદરા શહેરના કારેલીબાગ પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલ હુજરત પાગા વિસ્તારમાં "કલકત્તા કાર એસેસરીઝ" નામની દુકાન ચલાવતા નીતિન હસમુખલાલ શાહે ગત રાત્રે પોતાની દુકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સવારે બનાવની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ કારેલીબાગ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકના ભાઈ દીપેશ શાહે મીડિયા સાથે વાતચીત દરમિયાન ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેમના ભાઈ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયા હતા. તેઓએ મૂડી સાથે વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં કેટલાક લોકો ખોટા હિસાબો બતાવી વધુ વ્યાજની ઉઘરાણી માટે સતત દબાણ કરતા હતા. પઠાણી ઉઘરાણી જેવા દબાણથી પરેશાન થઈ અંતે તેમના ભાઈએ આ પગલું ભર્યું હોવાનો પરિવારનો દાવો છે. પરિવારે આ મામલે સંકળાયેલા લોકોના નામ પોલીસને આપ્યા હોવાનું જણાવી પોલીસ કમિશનર પાસે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ અંગે કારેલીબાગ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બીએલઓ અને નિવૃત શિક્ષકોને ચૂંટણી કામગીરીના આદેશ કરાયા

**આસિસ્ટન્ટ** પ્રિસાઇડિંગ ઓફિસર તરીકેની બીએલઓને વધારાની જવાબદારી સોંપાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન, તાલુકા પંચાયતો અને નગર પાલિકાઓની ચૂંટણીઓને લઈ જિલ્લા ચૂંટણી તંત્ર એક્શન મોડમાં છે. જોકે, આ વખતે ચૂંટણી પ્રક્રિયા પાર પાડવા માટે સ્ટાફની ભારે અછત વર્તાઈ રહી છે. તંત્રને 30 હજારથી વધુ કર્મચારીઓની જરૂર હોવાથી હવે નિવૃત્ત શિક્ષકો અને બીએલઓને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પરંતુ, આ સ્ટાફની વહેંચણીમાં થયેલી કેટલીક ભૂલોને કારણે મોટો વિવાદ અને રોષ ફેલાયો છે.

સૌથી વધુ ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે, આ વખતે સીનિયર એચટાટ મુખ્ય શિક્ષકો અને સ્કૂલ આચાર્યોને પટ્ટાવાળા તરીકેની કામગીરીના ઓર્ડર કરી દેવાતા રોષ જોવા મળી રહ્યો છે. વર્ષો સુધી શિક્ષણ આલમમાં આદરણીય પદ પર રહેલા આચાર્યોને આવા ઓર્ડર મળતા શિક્ષક આલમમાં ભારે નારાજગી અને રોષ ફેલાયો છે. આચાર્યોનું કહેવું છે કે આ તેમના પદ અને અનુભવનું અપમાન છે. બીજી તરફ, છેલ્લા ઘણા સમયથી જે શિક્ષકો બીએલઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેમને હવે આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર તરીકેની વધારાની જવાબદારી સોંપાઈ છે. બીએલઓ કર્મચારીઓની ફરિયાદ છે કે, ચૂંટણીના દિવસે બીએલઓની મુખ્ય કામગીરી વોટિંગ બૂથની બહાર મતદાર યાદી ચેક કરવાની હોય છે. જ્યારે આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસરની ફરજ બૂથની અંદર હોય છે. આવામાં એક જ કર્મચારી એકસાથે અંદર અને બહારની બે મહત્વની ભૂમિકાઓ કઈ રીતે ભજવશે ? આ એક મોટો વણઉકેલ્યો પ્રશ્ન છે.

### સુનાવણી દરમિયાન અપૂરતી સુવિધા સહિતના કારણોસર 119 સંસ્થાઓની દરખાસ્ત નામંજૂર

# રાજ્યમાં ગુજરાતીની 39 અને અંગ્રેજીની 27 મળી કુલ 66 નવી સ્કૂલોને મંજૂરી

**નવી** સ્કૂલો શરૂ કરવા કુલ 269 અરજી આવી, 84 પેન્ડિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં આગામી શૈક્ષણિક સત્રમાં 66 ખાનગી સ્કૂલોને પ્રોવિઝનલ મંજૂરી આપી દેવામાં આવી છે. આ સ્કૂલોમાં 39 સ્કૂલો ગુજરાતી માધ્યમની અને અંગ્રેજી માધ્યમની 27 સ્કૂલોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હજુ અનેક સંસ્થાઓની અરજી પેન્ડિંગ હોવાથી આગામી દિવસોમાં કેટલીક વધુ સ્કૂલોને મંજૂરી મળે તેવી શકયતાં છે.

શિક્ષણ બોર્ડ દ્વારા દરવર્ષે નવી સ્કૂલો શરૂ કરવા ઈચ્છતી સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવતી હોય છે. ચાલુ વર્ષે કુલ 269 જેટલી અરજીઓ નવી સ્કૂલ શરૂ કરવા માટે આવી હતી. જે પૈકી 66 સ્કૂલોને મંજૂરી આપી દેવામાં આવી છે. જેની સામે હજુ 84 અરજીઓ પેન્ડિંગ પડી છે. આ ઉપરાંત સુનાવણી દરમિયાન અપૂરતી વ્યવસ્થા અને અપૂરતા દસ્તાવેજોના કારણે 119 જેટલી દરખાસ્તો રદ કરી દેવામાં આવી હતી. ચાલુવર્ષે કુલ 269 સંસ્થાઓએ અરજી કરી હતી. આ અરજીઓના સંદર્ભમાં ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમિયાન સુનાવણી સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સૂત્રો કહે છે કે કુલ 185 અરજીઓ અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે. જેની સામે 84 અરજીઓ પેન્ડિંગ છે. જેમાંથી હાલમાં કુલ 66 સ્કૂલોને મંજૂરી આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેની સામે 119 અરજીઓને નામંજૂર કરી દેવામાં આવી છે.પ્રાથમિક શાળાઓને ફાઈનલ મંજૂરી આપવામાં આવતી હોય છે. જેની સામે અન્ય સ્કૂલોને પ્રોવિઝનલ મંજૂરી આપવામાં આવે છે. પ્રોવિઝનલ મંજૂરી બાદ નોંધણી થાય ત્યાં સુધી સંસ્થાઓ રાહ જોવી પડતી હોય છે. કેટલાક કિસ્સાઓમાં પ્રોવિઝનલ મંજૂરી મળ્યા પછી લાંબો સમય સુધી નોંધણીની પ્રક્રિયા પૂર્ણ ન થતાં જે તે સંસ્થાઓએ રાહ જોવી પડે છે. છેલ્લા કેટલાય સમયથી ચાલતી આ પ્રકારની કાર્યવાહીના સંદર્ભમાં કેટલાક સંચાલકોએ તમામ સ્કૂલને ફાઈનલ મંજૂરી આપી દેવા માટેની માગણી પણ કરવામાં આવી છે.

# IAS લોચન સેહરાની વડોદરાના ચૂંટણી નિરીક્ષક તરીકે નિયુક્તિ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

શહેર વડોદરા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય ચૂંટણી આયોગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ, મુક્ત અને પારદર્શક બનાવવા માટે વરિષ્ઠ IAS અધિકારી લોચન સેહરાને વડોદરા માટે ચૂંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂંક ભારતના સંવિધાનના અનુચ્છેદ 243(K) અને 243(ZA) હેઠળ તથા સંબંધિત ચૂંટણી નિયમોની જોગવાઈઓ મુજબ કરવામાં આવી છે.



લોચન સેહરા હાલ ગાંધીનગર ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેઓ અનુભવી તથા શિસ્તબદ્ધ અધિકારી તરીકે ઓળખાય છે. તેમની દેખરેખ હેઠળ વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તેમજ ડભોઈ, પાદરા, સાવલી અને વાઘોડીયા નગરપાલિકાઓની ચૂંટણી યોજાશે.

નિરીક્ષક તરીકે તેમની મુખ્ય જવાબદારી ચૂંટણીની તમામ પ્રક્રિયાઓ પર ચાંપતી નજર રાખવાની રહેશે. આચારસંહિતાનું કડક પાલન, કાયદો અને વ્યવસ્થાનું મોનિટરિંગ તથા મતદારો માટે સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવામાં આવશે.

આ નિમણૂંકથી રાજકીય પક્ષોમાં પણ સક્રિયતા વધી છે. અનુભવી અધિકારીની દેખરેખ હેઠળ ચૂંટણી યોજાતાં તમામ પક્ષોને નિયમોનું પાલન કરવું પડશે. આ પગલાથી ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા વધશે અને જનતાનો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### અરજદારોની સુવિધા માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ

# 1000થી વધુ દાવેદારો અને ટેકેદારોએ મતદાર હોવાના સર્ટિફિકેટ મેળવ્યા

**વડોદરામાં** ઉમેદવારીના શ્રીગણેશ પૂર્વે જ પ્રમાણપત્રો મેળવવા પડાપડી

(પ્રતિનિધઇ) વડોદરા તા.9

વડોદરા મહાનગરપાલિકાની યોજાનારી સામાન્ય ચૂંટણીઓને લઈને વહીવટી પ્રક્રિયા તેજ બની ગઈ છે. ચૂંટણી લડવા ઈચ્છતા સંભવિત ઉમેદવારો, ટેકેદારો અને જાગૃત નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ તૈયારીઓના ભાગરૂપે વડોદરામાં અત્યાર સુધીમાં 1000થી વધુ લોકોએ મતદાર યાદીમાં નામ હોવા અંગેના સત્તાવાર પ્રમાણપત્રો મેળવી લીધા છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે અથવા ચોક્કસ પ્રક્રિયાઓ માટે મતદાર યાદીમાં નામ હોવાનું પ્રમાણપત્ર અનિવાર્ય હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પાલિકા કચેરી ખાતે મોટી સંખ્યામાં અરજદારો, જેમાં ખાસ કરીને આગામી ચૂંટણીના દાવેદારો અને તેમના ટેકેદારોનો સમાવેશ થાય છે, તેઓ ઉમટી પડ્યા છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, અરજદારોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. જે પણ અરજદારો પ્રમાણપત્ર માટે આવે છે, તેમની અરજી સ્વીકારીને તાત્કાલિક ધોરણે મતદાર યાદીમાં સર્ચિંગની કામગીરી કરવામાં આવે છે. ડેટાની ખરાઈ કર્યા બાદ વહેલી તકે ડિજિટલ અને ફિઝિકલ પ્રમાણપત્ર ઈશ્યુ કરી દેવામાં આવે છે.

આ ઉપરાંત, પારદર્શિતા જળવાઈ રહે અને લોકોની સુવિધા વધે તે હેતુથી ફિઝિકલ કોપી દ્વારા પણ મતદારો પોતે પોતાનું નામ સર્ચ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અત્યાર સુધીમાં 1000થી વધુ લોકો આ પ્રક્રિયાનો લાભ લઈ પ્રમાણપત્રો મેળવી ચૂક્યા છે. ચૂંટણીનો માહોલ જામતા આગામી દિવસોમાં આ સંખ્યામાં હજુ પણ વધારો થવાની શક્યતા છે. તંત્ર દ્વારા આ આખી પ્રક્રિયાને સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવી રહી છે જેથી વહીવટી કામગીરીમાં કોઈ અવરોધ ન આવે.